સંક્ષિપ્ત સમાચાર

નાની નરોલી ભારતીય ભવન્સ GIPCL એકેડમીમાં પ્રવેશોત્સવ યોજાયો

વિનોદ મૈસુરીયા

વાંકલ: ભારતીય વિદ્યા ભવન્સ જી.આઇ.પી.સી.એલ. એકેડમી, નાની નરોલી ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ દિવસે નર્સરી ધોરણના નાના-નાના ભૂલકાંનું શાળા પરિવાર દ્વારા હર્ષોલ્લાસભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય વૈભવ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ અનોખા પ્રવેશોત્સવમાં બાળકોના પ્રથમ દિવસને યાદગાર બનાવવા વાલીઓને પણ સહભાગી કરાયા હતા. શાળામાં પ્રવેશતા દરેક બાળક અને વાલીને એક-એક છોડ અર્પણ કરીને 'ગ્રીન વેલકમ' કરવામાં આવ્યું હતું.

ભરૂચમાં સાયબરના ગુનામાં ફરાર આરોપી અમદાવાદથી ઝડપાયો



ભરૂચ: ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસે 40 લાખના ડિજિટલ એરેસ્ટ કેસમાં વર્ષથી ફરાર આરોપી મિલન ચંદારાણાને અમદાવાદથી ઝડપી લીધો છે. ભાવનગરનો આ આરોપી અમદાવાદમાં ભાડાની ગાડી ચલાવી છુપાતો હતો. તેણે ટેલિગ્રામ દ્વારા બાઈનાન્સ (Binance) એપમાં USDTનું P2P ટ્રેડિંગ શીખીને છેતરપિંડીનાં નાણાં મિત્રોના ખાતામાં ટ્રાન્સફર કર્યાની કબૂલાત કરી છે.

અંકલેશ્વરના ભડકોદ્રા ગામમાં ટાંકી તૂટવા મામલે કોંગ્રેસની તપાસની માંગ

અંકલેશ્વર: અંકલેશ્વરના ભડકોદ્રા ગામમાં ગત 7 જૂને લગભગ 30 વર્ષ જૂની પાણીની ટાંકી ધરાશાયી થવાની ઘટનાને લઈને કોંગ્રેસે ગંભીર આક્ષેપો કર્યા છે. કોંગ્રેસે અકસ્માત પહેલાના ટાંકીના જોખમી હાલત દર્શાવતાં ફોટોગ્રાફ્સ જાહેર કરી પ્રશાસનની બેદરકારી સામે સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના જણાવ્યા અનુસાર સ્થાનિક રહીશોએ વર્ષ 2023માં જ ટાંકી જર્જરિત અને જોખમી બની ગઈ હોવાની રજૂઆત કરી તેને ઉતારી લેવા અરજી કરી હતી. જો કે, તે સમયે ગ્રામ પંચાયતે ટાંકી ખાનગી માલિકીની હોવાનુ કારણ આપી જવાબદારી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. કોંગ્રેસે વધુમાં આક્ષેપ કર્યો છે કે પાછળથી આ જ ટાંકીને નવી બનાવવા માટે પંચાયત દ્વારા સરકારી મંજૂરી પણ મેળવી લેવામાં આવી હતી. તેમ છતાં જોખમી ટાંકી દૂર કરવાની જગ્યાએ માત્ર ઉપરછલ્લું સમારકામ કરવામાં આવ્યું હતું, જેના કારણે અંતે ટાંકી પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. કોંગ્રેસના આગેવાન શેરખાન પઠાણે સમગ્ર મામલે જવાબદારો સામે કડક કાર્યવાહી અને ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી છે.

અંકલેશ્વરમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના હનુમાન ફળિયા વિસ્તારમાં આવેલ ટેકરા વગા પંચની વાડી ખાતે શ્રી જાગનાથ મહાદેવદાદા મિત્ર મંડળ દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કથાકાર વિનોદ ભટ્ટ તેમની અમૃતમય વાણીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે. કથામાં શ્રીકૃષ્ણના જીવનચરિત્ર, ભક્તિ, ધર્મ અને માનવ જીવનનાં મૂલ્યો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ તા. 10 જૂનના રોજ થશે.

અંકલેશ્વરની પી.પી.સવાણી સ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

અંકલેશ્વર: અંકલેશ્વર સ્થિત પી.પી. સવાણી સ્કૂલ (ગુજરાતી માધ્યમ) ખાતે નવા શૈક્ષણિકના પ્રારંભે શાળા પ્રવેશોત્સવ હર્ષોલ્લાસભેર ઉજવાયો હતો. નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી અને મોં મીઠું કરાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળભવનના વિદ્યાર્થીઓની હાથરૂમાલ પર હાથની છાપ લઈ સ્મૃતિચિહ્નરૂપે ભેટ આપવામાં આવી હતી.

રામકુંડ ખાતે સ્વચ્છતા અભિયાન

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકા દ્વારા શહેરના પૌરાણિક રામકુંડ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન અને ક્લીન-અપ ડ્રાઇવ અંતર્ગત રામકુંડ તેમજ તેની આસપાસના વિસ્તારમાં સફાઈ કામગીરી કરવામાં આવી હતી.

અંકલેશ્વરમાં બિરસા મુંડાની પુણ્યતિથિએ પુષ્પાંજલિ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર ભાજપ દ્વારા 9 જૂને શહીદ દિવસે જનનાયક ભગવાન બિરસા મુંડાની પુણ્યતિથિ નિમિત્તે ભરૂચીનાકા ખાતે આવેલી ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ, નગરપાલિકાના સભ્યો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ફિટ ઈન્ડિયા અભિયાન અંતર્ગત EPFO ભરૂચની સાઇકલ રેલી



ભરૂચ: ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ હેઠળ તંદુરસ્તી, સ્વાસ્થ્ય જાગૃતિ અને સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO)ની પ્રાદેશિક કચેરી, ભરૂચ દ્વારા સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનું નેતૃત્વ પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર-1 પરિપૂરન નાથ દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર શશાંક જયસ્વાલ અને સહાયક ભવિષ્ય નિધિ કમિશનર અખિલેશ શર્મા સહિત કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તુમડાવાડી ગામમાં શાળાનો પ્રારંભ

સાગબારા, ભરૂચ: ચીકદા તાલુકાના ગાઢ જંગલ વિસ્તારમાં આવેલા તુમડાવાડી ગામે શિક્ષણ ક્ષેત્રે એક મિસાલ જન્માવી છે. મૂળભૂત માળખાગત સુવિધાઓથી અપરિચિત આ ગામમાં હવે 'મા ધરતી પ્રાથમિક શાળા, તુમડાવાડી'ના રૂપમાં શિક્ષણનું કિરણ પહોંચ્યું છે. રાજ્યના પાઠ્યપુસ્તક નિર્માણમાં સભ્ય રહી ચૂકેલા નિવૃત્ત શિક્ષક હરિલાલ વસાવાએ આ શાળા વિશ્વ પર્યાવરણ દિવસે 35 બાળકોની હાજરીમાં શરૂ કરી છે. 'મારે ભણવું છે' – આ વાક્ય ગામના નાના બાળકોના મનમાં ઊંડે ઊતરેલું છે. આ જ વિચારને સાકાર કરવા હરીલાલ વસાવાએ આ અભિયાન હાથ ધર્યું છે. નિવૃત્ત શિક્ષક હરીલાલ વસાવાએ શિક્ષણ વિભાગ અને સંબંધિત તંત્રને અપીલ કરી છે કે, તુમડાવાડી જેવા દુર્ગમ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, પૂરતી શાળા સુવિધાઓ અને જરૂરી શિક્ષકોની વ્યવસ્થા કરવામાં આવે.

પાલેજની ભૂખી ખાડીના સાંકડા બ્રિજ પર અકસ્માત, બે બાળકનાં મોત

વાહનચાલકોની ઘોર બેદરકારીથી વધુ એક કરુણાંતિકા, પિતા-દાદા ઘાયલ, ચાલક ફરાર

ભરૂચ: પાલેજ નજીક આવેલી ભૂખી ખાડીના સાંકડા બ્રિજ પર એક ગમખ્વાર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. અકસ્માતમાં બે સગીર બાળકનાં મોત થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પિતા અને દાદાની નજર સમક્ષ જ બંને માસૂમ કાળનો ભોગ બનતાં પરિવાર પર વજ્રપાત સમાન આઘાત સર્જાયો છે.

પોલીસ સૂત્રો અનુસાર ભુરમલ વરદીચંદ સોની તેમના પુત્ર અલ્પેશભાઈ અને પૌત્રો મંથન (ઉં.વ.6) તથા કૃષ્ણકુમાર (ઉં.વ.14) સાથે વરેડિયા ગામેથી ભરૂચમાં પોતાના ઘરે મોટરસાઇકલ નં.(GJ-16-EB-5068) પર પરત ફરી રહ્યા હતા. ભૂખી ખાડીના સાંકડા બ્રિજ પાસે પાછળથી આવેલા એક અજાણ્યા અને પૂરઝડપી વાહને તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. બાઈક પર સવાર ચારેય જણ રસ્તા પર પટકાયા હતા. આ દરમિયાન મંથન અને કૃષ્ણકુમાર અજાણ્યા ભારે વાહનના ટાયર નીચે આવી જતાં બંનેનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. બાઈક ચલાવી રહેલા પિતા અલ્પેશભાઈના પગમાં ગંભીર ઈજા થઈ છે, જ્યારે દાદા ભુરમલભાઈને શરીરે નાની-મોટી ઈજા પહોંચી છે. બંનેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત કરી વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો છે. બનાવની જાણ થતાં જ પાલેજ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડવા માટે તપાસ શરૂ કરી દીધી છે.

અંકલેશ્વરમાં બે કાર વચ્ચે અકસ્માત: 4 ઘાયલ

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર બે કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ચાર લોકો ઘાયલ થયા છે. અકસ્માતમાં બંને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે. એક કાર હાઈવે પરથી નીચે પલટી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત બાદ પોલીસે જ્યારે ઘટનાસ્થળની તપાસ શરૂ કરી ત્યારે એક કારમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હોવાનું સામે આવ્યું છે.

પીપોદરા GIDCમાં પૈસા મામલે મિત્રએ ચપ્પુથી ગળું કાપી મિત્રને પતાવી દીધો

મોબાઈલની દુકાનના ઓટલે જાહેરમાં હત્યા કરી આરોપી ભાગી છૂટ્યો, પોલીસ દોડતી થઈ

હથોડા: માંગરોળના પીપોદરા જીઆઈડીસી વિસ્તારમાં પૈસાની લેતીદેતી બાબતે એક મિત્રએ જ પોતાના પરમ મિત્રની જાહેરમાં ગળું કાપીને ક્રૂર હત્યા કરી નાંખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાને અંજામ આપી આરોપી મિત્ર ફરાર થઈ જતાં સ્થાનિક પોલીસ દોડતી થઈ ગઈ છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ ઓરિસ્સાના વતની અને પીપોદરા જીઆઈડીસીમાં મજૂરી કામ કરતા ૨૯ વર્ષીય જીતેન્દ્ર ઉર્ફે રાજુભાઈ જોગરાજ પઢીયાર અને તેનો મિત્ર સુબાલા મુરલી ગોડા વર્ષોથી ગાઢ સંબંધ ધરાવતા હતા. સુબાલાનું જીતેન્દ્રના ઘરે અવારનવાર આવવા-જવાનું પણ હતું. ગત મોડી રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ એક મોબાઈલની દુકાનના ઓટલે જીતેન્દ્ર, સુબાલા અને એક અજાણ્યો શખ્સ એકઠા થયા હતા. આ દરમિયાન પૈસાની બાબતમાં તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળી થઈ હતી. ઝઘડો એટલો વણસ્યો કે ઉશ્કેરાયેલા સુબાલાએ ચપ્પુ કાઢી જીતેન્દ્ર પર હુમલો કરી દીધો હતો.

તેણે જીતેન્દ્રના ગળાના ભાગે તેમજ પીઠ પાછળ ઉપરાછાપરી ચાકુના ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે જીતેન્દ્રનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યા બાદ આરોપી સુબાલા મુરલી ગોડા તક જોઈને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ પાલોદ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે, પરંતુ હજી સુધી આરોપી પોલીસ પકડથી દૂર છે.

પુત્રની સાઇકલ નહીં આપનારને ઠપકો આપતાં પિતા પર હુમલો

કડોદરામાં પડોશીએ પથ્થરથી હુમલો કરી માથું ફોડી નાંખ્યું

પલસાણા: કડોદરાની દુર્ગાનગર સોસાયટીમાં બાળકોની સાઇકલ ફેરવવા જેવી સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈ ગયેલા એક યુવકે પાડોશમાં રહેતા પ્રૌઢ પર પથ્થર વડે જીવલેણ હુમલો કરી તેમનું માથું ફોડી નાંખ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે ભોગ બનનારની પત્નીની ફરિયાદના આધારે કડોદરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર કડોદરાની દુર્ગાનગર સોસાયટીમાં પ્રસાતભાઈની બિલ્ડિંગમાં રહેતા અને ફ્રૂટની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા અરવિંદભાઈ શ્યામલાલ ચૌધરી (ઉં.વ.૪૦)નો ૧૧ વર્ષનો દીકરો રાજ સોસાયટીમાં સાયકલ ફેરવી રહ્યો હતો. દરમિયાન ત્યાં જ રહેતા વિક્કી નામના યુવકે રાજ પાસેથી જબરદસ્તી સાઇકલ ઝૂંટવી લીધી હતી. રાજે ઘરે જઈને આ અંગે માતા-પિતાને વાત કરતાં પિતા અરવિંદભાઈ સોસાયટીમાં વિક્કીને આ બાબતે ઠપકો આપવા માટે ગયા હતા. અરવિંદભાઈએ વિક્કીને 'મારા દીકરાની સાઇકલ કેમ લઈ લીધી છે?' તેમ પૂછતાં જ વિક્કી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને જાહેરમાં જોરજોરથી ગાળો બોલવા લાગ્યો હતો.

અરવિંદભાઈએ તેને ગાળો બોલવાની ના પાડતાં જ વિક્કીએ પિત્તો ગુમાવ્યો હતો અને નજીકમાં પડેલો એક મોટો પથ્થર ઉપાડી અરવિંદભાઈના માથાના ભાગે ફટકારી દીધો હતો. હુમલાના કારણે અરવિંદભાઈ લોહીલુહાણ થઈને ત્યાં જ ઢળી પડ્યા હતા.

બૂમાબૂમ થતાં આસપાસના રહીશો એકઠા થઈ ગયા હતા. લોકોને ભેગા થતા જોઈ આરોપી વિક્કી 'આજે તો તું બચી ગયો છે, જો બીજીવાર સામે મળીશ તો તને જાનથી મારી નાંખીશ' તેવી ધમકી આપી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં અરવિંદભાઈને તેમની પત્ની ગોલ્ડીદેવીએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પલસાણા ખાતેની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા, જ્યાં તેમને માથાના ભાગે ટાંકા આવ્યા હતા. આ ઘટના અંગે કડોદરા પોલીસે ગોલ્ડીદેવીની ફરિયાદના આધારે આરોપી વિક્કી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉકાઈ સિંચાઈ વિભાગમાં કર્મચારીઓનું આર્થિક શોષણ

ઉકાઈના સ્થાનિક જાગૃત નાગરિક દ્વારા શ્રમ અધિકારીને લેખિત ફરિયાદ

વ્યારા: તાપીમાં ઉકાઈ સિંચાઈ વિભાગ-1 અને તેના પેટા વિભાગમાં ચાલતા વિવિધ ટેન્ડરોમાં એજન્સીઓ દ્વારા કર્મચારીઓનું આર્થિક શોષણ થતું હોવાની ફરિયાદ સાથે આ મુદ્દે યોગ્ય તપાસ કરવા ઉકાઈના એક જાગૃત નાગરિક દ્વારા જિલ્લા સરકારી શ્રમ અધિકારીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. જેમાં ફરિયાદીએ ઉકાઈ સ્થિત તાપી જળ ભવન ઉકાઈ સિંચાઈ વિભાગ-1 અને તેના વિભાગોમાં વીઆઈપી ગેસ્ટ હાઉસ, ચમરી રેસ્ટહાઉસ, મેનપાવર ટેન્ડર, અર્થન ડેમ પર ચાલતા કામ તેમજ ચોકીદાર અને મેઈન્ટેનન્સ માટે મૂકેલ કર્મચારી, રોડ અને કોલોની સાફસફાઈ, ઓફિસ સાફસફાઈ, સિક્યોરિટી ગાર્ડ, ચોકીદાર વગેરેમાં વિવિધ એજન્સીઓ દ્વારા કામ આઉટસોર્સિંગ તેમજ સ્ક્વેર મીટર પ્રમાણે કામગીરી કરાઈ રહી છે. પરંતુ આ એકપણ ટેન્ડરમાં સરકાર દ્વારા નિયત કરાયેલાં ધારાધોરણ મુજબ શ્રમિકોને પગાર ચૂકવવામાં આવતો ન હોવાનું જણાવવામાં આવ્યું છે.

જેમાં શ્રમિકોને એજન્સી દ્વારા લઘુત્તમ વેતન કરતાં પણ ઓછો પગાર આપવામાં આવે છે તેમજ શ્રમિકોને પગાર બેંક ખાતા મારફતે ચૂકવવાને બદલે રોકડેથી શ્રમિકોને પગાર ચૂકવવામાં આવતો હોવાની ફરિયાદ કરવામાં આવી છે. તેમજ એજન્સીઓ દ્વારા શ્રમિકોનું PF પણ કાપવામાં આવતું નથી. ત્યારે અલગ અલગ 16 જેટલાં મુદ્દાઓને આવરી લઈ વ્યારા જિલ્લા સેવા સદનમાં તાપી જિલ્લા શ્રમ અધિકારીને લેખિતમાં ફરિયાદ આપવામાં આવી છે અને આ બાબતે યોગ્ય તપાસ કરી એજન્સીઓ દ્વારા થતાં આર્થિક શોષણને અટકાવવાની માંગ કરવામાં આવી છે.

ઝઘડિયા GIDCમાં અકસ્માતમાં ટ્રકચાલક સામે ગુનો દાખલ

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયા GIDC વિસ્તારમાં હિન્દુસ્તાન કેમિકલ કંપની નજીકના ટર્નિંગ પર એક મોપેડ ચાલકનો પગ ટ્રકના ટાયર નીચે ચઢી જતાં ગંભીર ઈજા થઈ હતી. આ ઘટના તા.5 જૂનના રોજ બની હતી. 30 વર્ષીય ધીરજસિંઘ અનીલસિંઘ (મૂળ ઉત્તરપ્રદેશ, હાલ રહે.,નંદેલાવ, ભરૂચ) કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટમાં સ્ટોર ઈનચાર્જ તરીકે કામ કરે છે. તેઓ મોપેડ પર હિન્દુસ્તાન કેમિકલ કંપની પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ટ્રક નં.(GJ-05 CU-1724)ના ચાલકે પૂરઝડપે ટ્રક હાંકી પાછળનું વ્હીલ મોપેડ ચાલકના પગના પંજા પર ચડાવી દેતાં તેનો પંજો છૂંદાઈ ગયો હતો. ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સથી વાલિયા સરકારી દવાખાને લઈ જવાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. બાદમાં સમાધાન માટે વાટાઘાટો થઈ પણ કોઈ નિવેડો ન આવતાં ઝઘડિયા GIDC પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલી સરદાર પટેલ કો-ઓપ. ક્રેડિટ સોસાયટીની સભા મળી

પ્રમુખ તરીકે જયંતીભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે ચંદ્રસિંહ રાઠોડની સર્વાનુમતે પુનઃ વરણી

બારડોલી: બારડોલીની સરદાર પટેલ કો.ઑ. ક્રેડિટ સોસાયટી લિ.ની ૨૯મી વાર્ષિક સાધારણ સભા જલારામ પાર્થન સમાજ હૉલ ખાતે પ્રમુખ જયંતિભાઈ પી.પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી, જેમાં એજન્ડાનાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે પ્રમુખ સ્થાનેથી સંબોધન કરતાં જયંતીભાઈ પટેલે મંડળીનો અહેવાલ રજૂ કરતાં જણાવ્યુ હતું કે, સહકારી મંડળીની રચનાનો મુખ્ય હેતુ નાના-ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વિવિધ સહકારી પ્રવૃત્તિ દ્વારા મદદરૂપ થવાનો છે.

આપણી સંસ્થા પણ ગરીબ વર્ગ અને જરૂરિયાતમંદને ધિરાણ આપી તેમના વિકાસ પર પૂરતું ધ્યાન આપે છે. તેમણે મંડળીનીનો હિસાબ રજૂ કરતાં જણાવ્યુ કે, મંડળીએ ૨,૫૮,૦૯,૨૪૬ રૂપિયાનો નફાની કમાણી કરી છે, જેની સામે ૧.૯૫ કરોડની જોગવાઈ કરીને ૬.૦૯ લાખ રૂપિયાનો ચોખ્ખો નફો પ્રાપ્ત કર્યો છે. તેમણે સભાસદોને ૧૫ ટકા ડિવિડંડ તથા ૭૫૦ રૂપિયાની ભેટ કૂપન આપવાની પણ આ પ્રસંગે જાહેરાત કરી હતી.

સામાન્ય સભા બાદ મંગળવારના રોજ સોસાયટીના કારોબારી સભ્યોની એક મિટિંગ મળી હતી, જેમાં આગામી પાંચ વર્ષ માટે પ્રમુખ તરીકે જયંતીભાઈ પ્રભુભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે ચંદ્રસિંહ મગનસિંહ રાઠોડની સર્વાનુમતે પુનઃ વરણી કરવામાં આવી હતી. તેમને અન્ય ડિરેક્ટરો તેમજ સભાસદોને શુભેચ્છા પાઠવી હતી.

સોનગઢમાં ક્રિકેટ રમવા બાબતે બબાલ, 3 સામે ગુનો

યુવકોનાં બે જૂથ વચ્ચે ઝપાઝપી થતાં ફરિયાદ

સોનગઢ: સોનગઢના લક્ષ્મી મોલ પાછળ આવેલા શાકભાજી માર્કેટમાં ગત સોમવારની સાંજે નજીવી બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. યુવકોનાં બે જૂથ વચ્ચે થયેલી આ હિંસક ઝપાઝપીના મામલે સોનગઢ પોલીસે ત્રણ સ્થાનિક યુવકો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. વિવાદની શરૂઆત કન્યા શાળાના મેદાનમાંથી થઈ હતી.

ફરિયાદી રૂદ્ર ગૌસ્વામીના મિત્ર શંકર ગૌસ્વામી તેમની માતાને સરકારી દવાખાને લઈ ગયા ત્યારે કન્યા શાળાના ગ્રાઉન્ડમાં કેટલાક છોકરા પથ્થર ફેંકીને ક્રિકેટ રમતા હતા. કોઈને ઈજા ન થાય તે માટે શંકરભાઈએ તેઓને પ્રેમથી સમજાવ્યા હતા. આ બાબતની અદાવત રાખીને સ્થાનિક યુવકો સોહેલ પઠાણ, સફવાન કુરેશી અને અરબાજ શાહે લક્ષ્મી મોલ પાછળ શંકર ગૌસ્વામી તથા ગજા પંચાલને આંતરીને ઝઘડો શરૂ કર્યો હતો.

ગજા પંચાલે ફોન દ્વારા જાણ કરતાં રૂદ્ર ગૌસ્વામી પોતાના મિત્ર સાથે એક્સેસ ગાડી પર ઘટના સ્થળે દોડી ગયા હતા. રૂદ્ર જ્યારે મિત્રોને છોડાવવા વચ્ચે પડ્યા, ત્યારે ઉશ્કેરાયેલા ત્રણેય આરોપી ગાળાગાળી કરી તેમજ ઢીકમુક્કીનો માર મારવા લાગ્યા હતા. ઉપરાંત આરોપીઓએ અન્ય બે સ્થાનિક વ્યક્તિ અશોક શિંદે અને કિશોર શિંદે સાથે પણ મારપીટ કરી હતી. બૂમાબૂમ થતાં આસપાસના લોકોએ વચ્ચે પડીને મામલો થાળે પાડ્યો હતો. આ મારામારી બાદ રૂદ્ર ગૌસ્વામીએ સોનગઢ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ત્રણેય આરોપી વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પાલેજ GIDCમાંથી બાઈક ચોરાઈ

ભરૂચ: ભરૂચની પાલેજ GIDCમાં મારુતિ માર્બલના માલિક અને મૂળ રાજસ્થાન અને હાલ સામલોદ રહેતા ગૌરાંગભાઈ પંડ્યાની 20 હજારની બાઈક નં.(GJ-06-JR-2415) દુકાન બહારથી ચોરાઈ ગઈ છે. 6 જૂનના રોજ પાર્ક કરેલી બાઈક ગાયબ જણાતાં આજુબાજુ શોધખોળ બાદ પણ ન મળતા આખરે પાલેજ પોલીસ મથકે ઈ-FIR દાખલ કરાઈ છે.

બારડોલીમાં સસરાએ પુત્રવધૂની છેડતી કરી હત્યાની ધમકી આપી

લાજ લેવાનો પ્રયાસ કરતાં પુત્રવધૂએ સસરાને ધક્કો મારી દીધો

બારડોલી: બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કૌટુંબિક સંબંધોને કલંકિત કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ધામડોદ લુંભાગામ સ્થિત એક રેસિડેન્સીમાં સસરા દ્વારા પોતાની જ પુત્રવધૂની જાતીય સતામણી કરી, આ અંગે કોઈને જાણ કરવા પર જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે પીડિતાની ફરિયાદના આધારે બારડોલી ટાઉન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર આ ઘટના ગત તા.૨ જૂન-૨૦૨૬ના રોજ રાત્રિના આશરે સાડા અગિયાર વાગ્યાના અરસામાં બની હતી. પીડિતા પોતાના ઘરમાં સૂતી હતી, તે દરમિયાન તેના સસરા રૂમમાં પ્રવેશ્યા હતા. સસરાએ સૂતેલી પુત્રવધૂ સાથે અડપલાં શરૂ કર્યાં હતાં અને તેણીનાં કપડાં ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. આ શારીરિક છેડછાડના કારણે પીડિતા અચાનક જાગી ગઈ હતી અને ગભરાઈ ગઈ હતી. તેણે હિંમત બતાવી તુરંત જ પોતાના સસરાને ધક્કો મારી દૂર કર્યા હતા. પોતાની કરતૂત પકડાઈ જતાં આરોપી સસરાએ પુત્રવધૂને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો.

સસરાએ પીડિતાને ધમકી આપતા જણાવ્યું હતું કે, જો આ સતામણી અંગે તે પરિવારમાં કે અન્ય કોઈને પણ જાણ કરશે તો તેને જાનથી મારી નાંખવામાં આવશે. આ ઘટનાથી ભયભીત થયેલી પીડિતાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. બારડોલી ટાઉન પોલીસે આ મામલે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. આ ચકચારી કેસની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર દ્વારા ચલાવવામાં આવી રહી છે.

અંકલેશ્વર રોટરી ક્લબ દ્વારા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં

અંકલેશ્વર: રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરના વિમેન એમ્પાવરમેન્ટ સેન્ટર દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે ચલાવવામાં આવતી સિલાઈ તાલીમ પૂર્ણ કરનાર 87 વિદ્યાર્થિનીને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમમાં રોટરી ક્લબના હોદ્દેદારો, ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

પાનોલીની સલ્ફર ક્રોપ કેરમાં આગનું છમકલું

અંકલેશ્વર: પાનોલી જીઆઈડીસીની સલ્ફર ક્રોપ કેર કંપનીમાં ગત મોડી સાંજે અચાનક અગમ્ય કારણોસર આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. આગની ઘટનાને પગલે કંપનીની આંતરિક ફાયર ટીમે તાત્કાલિક મોરચો સંભાળી લીધો હતો અને ગણતરીના સમયમાં જ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેતા એક મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

સુરેશ ગાંધી

Milano
MULTIPLEX
બારડોલી
Peddi
11:00am 02:30pm,
06:00pm, 09:30pm
Hai Jawani Toh Ishq Hona Hai
10:00am, 01:00pm,
03:00pm, 04:00pm 07:00pm,
09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ



આથી અમો નિલેશભાઈ બાલુભાઈ ચૌધરી તથા નૈનેશભાઈ બાલુભાઈ ચૌધરી બંને રહે. દાદરી ફળીયુ, બોરખડી, તા.વ્યારા, જિ.તાપીના તે આ જાહેર નોટીશ આપી જણાવુ છું કે, બાજુમા બતાવેલ ફોટાવાળા ઈસમ કે જે અમારી બહેન બકુલાબેન બાલુભાઈ ચૌધરી થાય છે. જેના લગ્ન દિવ્યેશભાઈ બહાદુરભાઈ ચૌધરી સાથે તારીખ ૧૯/૩/૨૦૦૫ ના રોજ ગાયત્રી મંદિર વ્યારા મુકામે થયેલા તેઓના લગ્નજીવન દરમ્યાન એક પુત્ર નામે ધ્રુવાંગ ઉ.આ.વ.૧૭ નાઓનો જન્મ થયેલ. અમારી બહેન બકુલાબેન આજથી બે એક વર્ષથી તેના પતિ સાથે રહેતી આવેલ નથી કે અમારા ઘરે પણ નિયમીત રહેતી આવતી નથી અને કયાં રહે છે અને કોની સાથે રહે છે તેની પણ કોઈ જાણ કરતી નથી અને લગ્ન ઉપરાંતનો આડો પ્રેમસંબંધ રાખી અન્ય ઈસમ સાથે રહેતી આવેલ છે. અને વ્યાભિચારી તથા સ્વચ્છંદી જીવન વિતાવતી આવેલ છે. મારી બહેને ઘણા બધા વ્યકિતઓ પાસેથી પોતાના મોજશોખ અને સ્વચ્છંદી જીવન માટે ગેરકાયદેસર નાણાની માંગણી કરી નાણા ઉછીના મેળવતી આવેલ છે. અને અમારા ઘરેથી અમારા ઘરના સોના-ચાંદીના ઘરેણાઓ પોતાની સાથે રાખી મુકેલા છે અને તે દાગીનાઓ પર ખાનગી ફાયનાન્સ કંપનીમાં કે ખાનગી વ્યક્તિઓને દાગીના ગીરવે મુકી નાણાં મેળવેલ છે અને તે નાણાની ઉઘરાણી માટે અમારી પાસે ઘણા ઈસમો આવતા આવેલ છે. આથી આ જાહેર નોટીશ થકી જાહેર જનતાને જણાવવાનુ કે અમારી બહેન બકુલાબેન બાલુભાઈ ચૌધરી અમારા કહ્યામાં નથી અને પોતાનુ મનસ્વી જીવન જીવતી આવી લગ્ન ઉપરાંત પ્રેમસંબંધ રાખી વ્યાભિચારી તથા સ્વચ્છંદી જીવન વિતાવતી આવતી હોય અમારી બહેન બકુલાબેન બાલુભાઈ ચૌધરી સાથે અમારા કે અમારા પરિવારના નામે કોઈએ પણ કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર કરવો નહી અને જો કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર અમારી જાણ બહાર અમારી બહેન સાથે કરશે તો તેમા અમારો કે અમારા પરિવારની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી તેની સંપૂર્ણ જવાબદારી અમારી બહેનની (બકુલાબેનની) રહેશે તે જાણશોજી.

તા.૦૯/૦૬/૨૦૨૬
અમારી સુચનાથી
નિલેશભાઈ બાલુભાઈ તથા
નૈનેશભાઈ બાલુભાઈ ચૌધરી

હમારી મારફતે
ડેનીશ આર. પાડવી (એડવોકેટ) તે
નિલેશભાઈ બાલુભાઈ ચૌધરી તથા
નૈનેશભાઈ બાલુભાઈ ચૌધરી ના
એડવોકેટ